કારોબારી સંક્ષેપ

**અગત્યના મુદ્દાઓ**

- હાલમાં યુકેની વસ્તીનો ટ ટકા હિસ્સો લઘુમતી જાતિઓ (એથનિક માઈનોરીટીઝ)નો બનેલો છે. 1999 થી 2009 ના વર્ષો દરમ્યાન શ્રમિક વયની વસ્તીમાં થનાર અડધો અડધ વધારો તેઓનો હશે.

- તેમની શકિત અને કાર્યદક્ષતાનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો તે સરકાર અને નિયોકતાઓ (એમ્પ્લોયર્ઝ) માટે તેમજ સ્વયં લઘુમતી જાતિઓ માટે પણ એક મોટો પડકાર બની રહેશે.

- હાલમાં, જુદી જુદી લઘુમતી જાતિઓના સમુહોએ શ્રમ–બજાર ક્ષેત્રમાં (લેબર માર્કેટમાં) હાંસિલ કરેલી સિદ્ધિઓમાં વિશાળ તફાવતો છે.

- સરેરાશે, ભારતીય અને ચાઈનીઝ લોકો સારા પ્રમાણમાં સફળતાઓ મેળવી રહ્યાં છે, અને ઘણીવાર તેઓ સ્કુલોમાં અને લેબર માર્કેટમાં ગોરાઓ કરતાં આગળ નીકળી જતાં હોય છે. તેમની સફળતા એ દર્શાવે છે કે સફળ આર્થિક અને સામાજીક સમન્વય સાધવામાં એવા કોઈ અવરોધો હોતા નથી કે જે પાર ન કરી શકાય.

- પરંતુ, બીજાં સમુહો આટલાં પ્રમાણમાં સફળ નથી થઈ શકયા. સરેરાશે, પાકિસ્તાનીઓ, બાંગ્લાદેશીઓ અને કાળાં કેરીબીયનો, ગોરાંઓ કરતા અત્યંત વિશેષ પ્રમાણમાં બેરોજગારી અને ઓછી આવકના ભોગ બનતા હોય છે. આની આર્થિક રીતે કિંમત ચુકવવી પડે તેટલું જ નહી પણ આ પરિસ્થિતિ સામાજીક સુમેળ માટે પણ જોખમકારક બનવાની સંભાવના ધરાવે છે. સ્કુલોમાં અને લેબર માર્કેટમાં આ સમુહોની કાર્યસિદ્ધિઓ વધારવી તે સરકાર માટે એક બહુ જ અગ્રતાની બાબત છે.

- સૂચકરૂપે, આ રીપોર્ટમાં આપેલ પુરાવાઓ દર્શાવે છે કે બધા જ લઘુમતી જાતિઓના સમુહો – જેમાં બીજાઓની તુલનામાં વધુ સફળતા અનુભવી રહેલાં સમુહો, જેમ કે ભારતીયો અને ચાઈનીઝો પણ – તેમના શિક્ષણ તથા બીજી ખાસીયતોને હિસાબે જેટલાં પ્રમાણમાં સફળ થવા જોઈએ, તેટલી સફળતા હાંસલ કરી શકયા નથી. સરકારે આ બાબતમાં પગલાં લેવા માટે એક નવું માળખું સ્થાપિત કરવાની જરૂર છે.

- આ રીર્પોટમાં, નોકરી અને કારકિર્દીમાં સફળતા મેળવામાં અવરોધરૂપ બની શકે તેવા વિવિધ કારકોનો સામનો કરવા માટેની રૂઢિગત ભેદભાવ વિરોધી નીતિઓ કરતાં વિશેષ આગળ વધે તેવો એક નવો જ અભિગમ રજુ કરવામાં આવ્યો છે, જેમાં સ્કુલો, નોકરીઓ, હાઉસિંગ અને ભેદભાવને અનુલક્ષી પગલાંઓ શામેલ છે. તેમાં દર્શાવવામાં આવ્યું છે કે આર્થિક સમન્વય એ બહોળા સામાજીક અને નાગરિક સમન્વયનું એક અત્યાવશ્યક અંગ છે. લઘુમતી જાતિઓની સફળતાઓ વધારવા માટેના પગલાંઓ બેવડો નફો આપી શકે તેમ છે જેમ કે આર્થિક વિકાસ *અને* સામાજીક સુમેળની સુદ્રઢતા.

- નિર્દિષ્ટ કાર્ય નીતિઓ ચાર વર્ગોમાં વિભાજીત થાય છેઃ

- લઘુમતી જાતિઓની શિક્ષણપ્રાપ્તિ તેમજ કૌશલ્યના સ્તરોને ઊંચાં લાવી અનેરોજગારી માટેની તેમની યોગ્યતા વધારવા માટે પગલાં લેવાસ

- લઘુમતી જાતિઓના લોકોને કામકાજ સાથે મેળ કરાવવા માટે પગલાં લેવા જેમ કે હાલના એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામોમાં સુધાર કરવો, વંચિત વિસ્તારોમાં ટ્રાન્સપોર્ટની અપૂરતી સુવિધાઓ જેવા રોજગારી મેળવવામાં નડતાં સ્પષ્ટ અવરોધો હટાવવાની પેરવી કરવી અને સ્વરોજગારી (સેલ્ફ એમ્પ્લોયમેન્ટ)ને પ્રોત્સાહન આપવુંસ

- એમ્પ્લોયર્ઝને વધુ સારી સલાહ અને સમર્થન આપીને અને પબ્લિક પ્રોકયોરમેન્ટ (જાહેર ઉપલબ્ધિ) જેવા સાધનોનો વધુ અસરકારક રીતે ઉપયોગ કરીને કામકાજના સ્થળોમાં સમાન તકોની નીતિ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાના પગલાં લેવાસ અને

- પ્રસ્તુતિકરણ માટેના પગલાં લેવા માટે એક મિનિસ્ટરના નેતૃત્વ હેઠળ એક આંતર–વિભાગીય ટાસ્ક ફોર્સ કાર્યશીલ બનશે, કે જે સંબંધિત મિનિસ્ટરો, વરિષ્ઠ ઓફિસરો, અને મહત્વના બાહ્ય ઠેકાદારોનો બનેલો હશે અને સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર વર્ક એન્ડ પેન્શન્ઝ દ્વારા કેબીનેટ કમિટિ ઓન ઈકોનોમિક અફેર્ઝ, પ્રોડકિટવિટી એન્ડ કોમ્પેટિટિવનેસ સમક્ષ રીર્પોટ રજુ કરશે.

- **લક્ષ્ય એ છે કે લઘુમતી જાતિઓના લોકોને સફળતાઓ પ્રાપ્ત કરવામાં અવરોધોનો સામનો ન કરવો પડે. દસેક વર્ષમાં બ્રિટનમાં વસતાં લઘુમતી જાતિઓના સમુહોને  લેબર માર્કેટમાં સફળતા મેળવવા માટેની તકોને આંબી શકવામાં અને તેનો લાભ ઉઠાવી શકવામાં અનુચિત પ્રમાણમાં અવરોધોનો સામનો કરવો પડે તેવું બનતું હોવું ન જોઈએ.**

- **પ્રગતિનો માપદંડ આ પ્રમાણેરહેશેઃ  રોજગારીના દરમાં (એમ્પ્લોયમેન્ટ રેટ) અને આવકમાં થયેલો વધારોસ લઘુમતી જાતિઓના લોકોના કરીઅર પ્રોફાઈલમાં સુધારાઓસ રાષ્ટ્રીય ધોરણે આર્થિક સફળતામાં વધારોસ અને સામાજીક સુમેળમાં વધારો.**

- **આનો આધાર અનેક પ્રકારના કાર્યોની નક્કર પ્રગતિ પર નિર્ભર રહેશે જેમ કેઃ ઓછી સિદ્ધિઓ મેળવતા સમુહોની શૈક્ષણિક સિદ્ધિઓનો દર વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર સમુહોની કક્ષાએ પહોંચાડવોસ  જોબ સેન્ટર પ્લસ સર્વિસના લઘુમતી જાતિઓના ઉપયોગકર્તાઓ માટે વધુ સ્થિર નોકરીઓસ  અને સમાન તકોની સંયોજનાઓ વિષે એમ્પ્લોયર્ઝની વધુ સભાનતા અને ગ્રાહ્યતા.**

- **આ વ્યૂહરચના (સ્ટ્રેટેજી) અમલમાં મૂકવાની મોટા ભાગની જવાબદારી સરકાર અને સરકારી એજન્સીઓ પર છે. તેમ છતાંપણ આ રીપોર્ટ એ સ્પષ્ટ કરે છે કે આ જવાબદારી લઘુમતી જાતિના સમાજોની પોતાની ઉપર તથા પ્રાઈવેટ એમ્પ્લોયરો અને જાહેર સંસ્થાઓ પર પણ છે.**

**સરેરાશે, લેબર માર્કેટમાં રોજગાર શોધી રહેલાં ગોરાંઓની તુલનામાં લઘુમતી જાતિઓના લોકો ગેરલાભની(નબળાઈની) પરિસ્થિતિમાં હોય છે.**

ગોરી પ્રજા કરતાં લગભગ બધી જ લઘુમતી જાતિઓના સમુહોમાં રોજગારીનો દર ઓછો હોય છે.[1]  ભારતીયોના મહત્વપૂર્ણ અપવાદ સિવાય, આવક અને નોકરીમાં બઢતી પણ સતતરૂપે ઓછાં છે.  અત્યંત ગંભીરતાની બાબત એ છે કે આ તફાવત જરાપણ ઓછો નથી થઈ રહ્યો.

**પરંતુ, આની પાછળ બહુ જ વિશાળ વિભિન્નતાઓ છુપાયેલી છેઃ ગોરાંઓની સફળતા અને લઘુમતી જાતિઓની અલ્પ કામયાબીનું જુનું ચિત્ર હવે બિનવાસ્તવિક થઈ ગયું છે.**

છેલ્લા ત્રણ દાયકાઓમાં  યુકેમાં કેટલીક લઘુમતી જાતિઓએ ઘણી સફળતા મેળવી છે. રોજગારી, આવક અને નોકરીમાં બઢતીના માપદંડો અનુસાર, ભારતીયો માત્ર બીજી લઘુમતી જાતિઓના સમુહોને જ નહીં પરંતુ ઘણી વખત ગોરાંઓની સાથે સમકક્ષ ધોરણે પહોંચે છે અથવા તો તેમને વટી જાય છે તેવી સ્પષ્ટ ભાત ઉપસી આવે છે.  આ ચિત્ર શૈક્ષણિક સિદ્ધિઓમાં પણ દેખાઈ આવે છે જેથી તેઓ માટે લેબર માર્કેટમાં દીર્ઘકાલીન સાફલ્યની સંભાવના વધુ મજબૂત બનતી જાય છે.

**તેમ છતાંપણ, – આ જીસફળક્ષ્ય સમુહો સહિત – બધી જ લઘુમતી જાતિઓ તેઓની યોગ્યતાના પ્રમાણમાં મળવી જોઈએ તેટલી કામયાબી મેળવી શકયા નથી...**

લેબર માર્કેટમાં લઘુમતી જાતિઓ અને ગોરાંઓની કાર્યસિદ્ધિમાં મહત્વપૂર્ણ અને ચિંતાજનક અસંતુલન છે જે શિક્ષણ અને કૌશલ્યના તફાવતને હિસાબે ગણી શકાય તેમ નથી.  આની પાછળનું એક મહત્વનું કારણ છે કામકાજના સ્થળોમાં અવિરતપણે અપનાવવામાં આવતી ભેદભાવની નીતિ. નોકરી અને સામાજીક વહેવારતંત્ર (નેટવર્ક)માં તેઓની પહોંચ મર્યાદિત હોવાની અસર પણ અત્યંત ગંભીર, તથા સુક્ષ્મ હોય છે.

**લઘુમતી જાતિના સમાજોની અંર્તહિત શકિતનો પૂરેપુરો ઉપયોગ ન કરવાની અસર યુકેની આર્થિક સફળતા ઉપર પડે છે.**

આવી રહેલાં દશકામાં જયારે શ્રમિક વયની પ્રજામાં અડધો અડધ વધારો લઘુમતી જાતિઓના લોકોનો હશે એ સંજોગોમાં, લેબર માર્કેટમાં તેઓને સાંપડતી અલ્પ કામયાબીની સમસ્યા હલ નહી થાય તો તેના વધુ ને વધુ ગંભીર આર્થિક પરિણામો આવતા જશે.

[1] 'એથનિક માઈનોરીટી' અને 'ગોરા' સહિત મહત્વના શબ્દોની અર્થસૂચિ મેઈન રીર્પોટના એનેકસ 3 માં આપેલી છે

અમુક લઘુમતી જાતિઓના સમુહોમાં રોજગારીના ઓછાં દર ઓછાં હોય તે ખાસ કરીને પૂર્ણતઃ રોજગારી અને કૌશલ્યના અભાવના સંજોગોના સંદર્ભમાં આર્થિક વિકાસને અટકાવી રાખે છે. દાખલા તરીકે, જો પાકીસ્તાની લોકોમાં રોજગારીના દર ભારતીય લોકો જેટલાં જ હોય તો આ સમુહમાં સ્ત્રી અને પુરૂષ કામદારોનું પ્રમાણ ક્રમશઃ 24 અને 136 ટકા જેટલું વધી જાય, એટલે કે કામ કરનારાં લોકોમાં લગભગ 96,000 જેટલો વધારો થાય. તેવી જ રીતે જો કાળાં, પાકીસ્તાની અને બાંગ્લાદેશી સમુહોના રોજગારીના દર ભારતીય સમુહને પ્રમાણસર હોય તો બ્રિટિશ કામદાર દળમાં 180,000 થી પણ વધુ લોકોનો ઉમેરો થાય.

અમુક લોકો લેબર માર્કેટમાં ગેરલાભની (નબળાઈની) પરિસ્થિતિના ભોગ હોય તેની કિંમત સમાજને ચુકવવી પડે તેવી સંભાવનાઓ હોય છે. લેબર માર્કેટમાં સફળતાઓનો અભાવ લોકોને સામાજીક જીવનથી બાકાત રાખવાને પુષ્ટિ આપે છે, જેનાથી બ્રિટનની લઘુમતી જાતિઓ વચ્ચેના સંબંધોને હાનિ પહોંચે છે અને સામાજીક સુમેળ જોખમમાં મુકાય છે.

**જો કે, જુદી જુદી લઘુમતી જાતિઓના સમુહો વચ્ચે તેમજ તેમની પોતાની અંતર્ગત આ ગેરલાભના (નબળાઈના) પ્રકાર અને પ્રમાણમાં ઘણો મોટો તફાવત હોય છે**

1960 કે 1980 ના દાયકાઓ કરતાં હાલના સમયમાં લઘુમતી જાતિઓની પરિસ્થિતિ ઘણી જ વધુ જટિલ છે. તેમાં મહત્વપૂર્ણ તફાવતો છે, દાખલા તરીકે, એશીયન સમુહોમાં કે જેમાં, પાકીસ્તાની અને બાંગ્લાદેશી લોકો કરતાં ભારતીય લોકો રોજગારીના વધુ ઊંચા દરો અને વધુ પ્રમાણમાં વ્યાવસાયિક સફળતાઓ મેળવી રહ્યાં છે. જયારે કાળી પ્રજામાં ગેરલાભની ભાત જુદી દેખાઈ આવે છે. કાળાં આફ્રિકન સમુહો અને ગોરાંઓ વચ્ચે સરેરાશ વેતન અને વ્યાવસાયિક સફળતામાં સાવ થોડો તફાવત છે પરંતુ કાળાં કરીબીયન સમુહો તેઓની તુલનામાં વિશેષરૂપે ગેરલાભ ભોગવતા જણાય છે.

લઘુમતી જાતિઓની અંર્તગત રહેલાં તફાવતો પણ લેબર માર્કેટના પરિણામો નિર્ધારિત કરે છે. તેમાં સ્ત્રીજાતિ કે પુરૂષજાતિ, પેઢી અને ભુગોળના તત્વો મહત્વનો ભાગ ભજવે છે. સ્ત્રી કે પુરૂષ હોવાની બાબતમાં, ઘણાં એશીયન સમુહોની લાક્ષણિકતા એ છે કે સ્ત્રીઓ લેબર માર્કેટમાં ઓછાં પ્રમાણમાં ભાગ લે છે, કે જે બાબત કાળાં કરીબીયન પ્રજામાં તેનાથી વિપરીત હોય છે. લઘુમતી જાતિઓમાં પરદેશી વસાહતીઓની પહેલી પેઢીના લોકો ઘણી વખત લેબર માર્કેટમાં તેમના બાળકો જેટલાં સફળ નથી હોતા. આખરમાં, કેટલાક સમુહોની દેશના અમુક ભાગોમાં જઈને વસવાટ કરવાની પ્રણાલીઓ, જેમ કે – પાકીસ્તાનના લોકોની મિડલેન્ડઝ અને નોર્થના વિસ્તારોમાં ભારે સંખ્યામાં જમાવટ– એ સર્વે એમ્પ્લોયમેન્ટના ક્ષેત્રમાં પરિણામો પર અસર કરે છે.

**લેબર માર્કેટમાં ગેરલાભ (નબળાઈ)ના કારણો પણ તેનાથી ઓછાં વૈવિધ્યપૂર્ણ નથી**

લેબર માર્કેટમાં ગેરલાભની (નબળાઈ)ની પ્રણાલીનું કોઈ એક જ કારણ હોય તેવું નથી. જુદી જુદી લઘુમતી જાતિઓના લોકોના સામાજીક વર્ગની પાર્શ્વમુમિકા, તેમની સંસ્કૃતિ અને કૌટુંબિક પ્રથાઓ એ બધી બાબતો તેમાં ભાગ ભજવતી હોય છે. અલ્પ શૈક્ષણિક સિદ્ધિઓ આ કારકોના ચિહ્નો છે તેમજ પોતાની આગવી રીતે તેના મહત્વપૂર્ણ કારકો પણ છે. કાળાં, પાકીસ્તાની અને બાંગ્લાદેશી વિદ્યાર્થીઓમાં, ખાસ કરીને છોકરાંઓમાં, A*-C કક્ષાએ પાંચ કે તેથી વધુ GCSE ગ્રેડ મેળવનારાંઓની સંખ્યા ગોરાંઓના પ્રમાણમાં ઘણી ઓછી છે – જોકે GCSE લેવલ પર ભારતીયોની સિદ્ધિઓ ગોરી પ્રજા કરતા ખરેખર વધુ ઊંચા સ્તરની છે. પરંતુ, શૈક્ષણિક સિદ્ધિઓમાં તફાવતના કારણો હિસાબમાં લીધાં પછી પણ, લઘુમતી જાતિઓના લોકો લેબર માર્કેટમાં હજીપણ વિશેષરૂપે લેબર માર્કેટમાં ગેરલાભ અનુભવતા હોય છે.

સામાન્ય રીતે, લઘુમતી જાતિઓના લોકોને – જેમાં ભારતીયોનો પણ સમાવેશ થાય છે – તેમની યોગ્યતાપ્રાપ્તિના સ્તરને યથોચિત કામ મળતાં નથી.

આની પાછળ અનેક કારણો છે. અમુક કિસ્સાઓમાં, લઘુમતી જાતિઓના લોકો એકદમ ભારે સંખ્યાઓમાં વંચિત વિસ્તારોમાં વસી રહેલાં છે. આ વિસ્તારોમાં ટ્રાન્સપોર્ટની અપૂરતી સુવિધાઓ અને વધારે પ્રમાણમાં કામ વિહોણાં પરિવારો વાળા અને વેગળાં વિસ્તારોમાં ફસાઈ રહેવા જેવા અવરોધો હોય છે – કે જે લઘુમતી જાતિઓને અપ્રમાણસર રીતે અસર કરે છે.

પરંતુ, આમાં ભેદભાવ પણ અત્યંત મહત્વનો ભાગ ભજવે છે તેના નકકર પુરાવા છે. સમાન તકોના કાયદાઓએ દેખીતા ભેદભાવ અને પજવણીનો સામનો કરવામાં અમુક અંશે સફળતા મેળવી છે, પરોક્ષ રીતે થતાં ભેદભાવ[2] – કે જેમાં નીતિઓ અને આચરણો અજાણપણે લઘુમતી જાતિઓને પધ્ધતિસર રીતે ગેરલાભમાં પહોંચાડવામાં પરિણામે છે – તે સમસ્યા તો ઊભી જ છે.

---

[2] વ્યાખ્યાઓ માટે મુખ્ય રીર્પોટનો એનેકસ 3 જુઓ

**આ રીર્પોટ લેબર માર્કેટના ક્ષેત્રમાં લઘુમતી જાતિઓની સિદ્ધિઓ વધારવા માટેની વ્યૂહરચના (સ્ટ્રેટેજી)રજુ કરે છે.**

આ સ્ટ્રેટેજીનો હેતુલક્ષ્ય એ છે કે આવતા દસેક વર્ષ સુધીમાં બ્રિટનમાં વસતાં લઘુમતી જાતિઓના સમુહોને લેબર માર્કેટમાં સફળતા મેળવવા માટેની તકોને આંબી શકવામાં અને તેનો લાભ ઉઠાવી શકવામાં અનુચિત પ્રમાણમાં અવરોધોનો સામનો કરવો પડે તેવું બનતું હોવું ન જોઈએ. આ ધ્યેય હાંસલ કરવા માટેની સ્ટ્રેટેજીઃ

- જુદી જુદી લઘુમતી જાતિઓના સમુહો વચ્ચે તેમજ તેમની પોતાની અંતર્ગત લેબર માર્કેટના ક્ષેત્રમાં ગેરલાભના (નબળાઈના) પ્રકાર અને પ્રમાણ અને કારણોના અત્યંત વિશાળ તફાવતોને ગણત્રીમાં લે છે;
- પ્રગતિનું માપ રાખવામાં આવે અને તેને નિયંત્રિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરે છે;
- ચાલુ નીતિઓ ઉપર જ ઘડતર કરે છે – મોટેભાગે તો સામાન્ય પરંતુ નાવીન્યપૂર્ણ ફેરફારો કરીને – તે બાબતની ખાત્રી કરવા કે લેબર માર્કેટના ક્ષેત્રમાં લઘુમતી જાતિઓની સિદ્ધિઓ, એવા પ્રકારની મુખ્યધારાઓની નીતિઓ અને પ્રોગ્રામો દ્વારા પહોંચાડવામાં આવે કે જે તેમના ઉપયોગકર્તાઓની જરૂરિયાતોને વધુ પ્રતિયોગી હોય; અને
- એ વાત ધ્યાનમાં લે છે કે સરકારની સિવાય પણ, લઘુમતી જાતિઓની પોતાની પણ જવાબદારીઓ હોય છે, ખાસ કરીને સ્કુલો અને જનસમાજો (કમ્યુનીટીઝ) વચ્ચેના સંબંધોના ક્ષેત્રોમાં.

**આ સ્ટ્રેટેજી એક જટિલ વાસ્તવિકતા તરફ વધુ સચોટ પ્રતિભાવ આપવાનું સુનિશ્ચિત કરી શકે તેવી રીતે ઘડવામાં આવી છે.**

લેબર માર્કેટના ક્ષેત્રમાં જુદી જુદી લઘુમતી જાતિઓના સ્થાનનું સ્વરૂપ એટલું જટિલ અને બદલાતું રહેતું હોય છે કે તેની માટે સર્વસામાન્ય ઉપાયો ઘણી વાર અનુચિત નિવડશે.
તેની બદલે આ સ્ટ્રેટેજી એવી રીતે ઘડવામાં આવી છે કે જેમાં જુદા જુદા સમુહોની જુદી જુદી જરૂરિયાતોને લક્ષ્ય બનાવી તે પૂરી પાડવા માટે પગલાં લેવામાં આવે. અમુક કિસ્સાઓમાં માતાપિતાઓને સ્કુલો સાથે વધુ સંબંધિત કરવાની અગ્રતા હોય શકે, કેટલાકમાં ફ્લેકિસબલ એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામો કે ધંધાદારી સલાહ મેળવવામાં સુગમતા, અને બીજાં કેટલાકમાં અમુક ખાસ એમ્પ્લોયર્ઝની સીમિત જાણકારી વધારવાની પેરવી કરવી.

**આ સ્ટ્રેટેજી ચાર અગત્યના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છેઃ શિક્ષણ, રોજગારી, સમાન તકો અને પ્રસ્તુતીકરણ**
સ્ટ્રેટેજી ચાર અગત્યના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છેઃ

- લઘુમતી જાતિઓની રોજગારી માટેની યોગ્યતા વધારવી;
- લઘુમતી જાતિઓના લોકોને કામકાજ સાથેના કનેકશન સુધારવા;
- સમાન તકોને પ્રોત્સાહન આપવું; અને
- સરકારી તંત્રોમાં સુધારાઓ દ્વારા પરિવર્તન અમલમાં લાવવું

**લઘુમતી જાતિઓમાં શિક્ષણપ્રાપ્તિ તેમજ કૌશલ્યના સ્તરોને ઊંચાં લાવવા માટે વ્યવહારૂ ઉપાયો શોધવાની જરૂર છે...**

લેબર માર્કેટના ક્ષેત્રમાં સફળતાભરી કામગીરી બજાવવા માટે સ્કુલોમાં ઉચ્ચ કક્ષાની સિદ્ધિઓ મેળવવી અત્યંત અગત્યની છે. પરંતુ, અમુક લઘુમતી જાતિઓના સમુહોની સ્કુલોમાં ઉચ્ચ કોટિની સફળતાઓ હોવા છતાંપણ, બીજા સમુહો સતતપણે પાછળ પડી જાય છે. આ રીર્પોટઃ

- દરખાસ્ત કરે છે કે હાલના શૈક્ષણિક લક્ષ્યોમાં જાતીયતા (એથનિસીટી)નો સમાવેશ કરવો જેથી GCSE ગ્રેડમાં નીચા સ્તરોએ સ્થગિત થઈ ગયેલાં અલ્પ કામયાબી મેળવનારા સમુહોને તેમાંથી બહાર કાઢી શકાય;
- ભલામણ કરે છે કે જુદા જુદી જાતિઓના સમુહોમાં સિદ્ધિપ્રાપ્તિ વિષેની માહિતી વધુ ખુલ્લી રીતે ઉપલબ્ધ કરવી;
- વિવિધ પાર્શ્વભુમિકાઓમાંથી આવતા વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક શિક્ષણ આપી શકવા માટે વધુ સારી તાલીમ મેળવવા વિશે સ્કુલો અને શિક્ષકોને વધુ માહિતી આપવા માટેના પગલાઓ સૂચવે છે;
- લઘુમતી જાતિઓની શૈક્ષણિક સિદ્ધિપ્રાપ્તિ વધારવા માટે નાણાંભંડોળ અને સ્કુલ ઇન્સ્પેકશનની વ્યવસ્થાઓનો ઉપયોગ કરવા બાબત નિર્દેશ કરે છે; અને
- લઘુમતી જાતિઓની સિદ્ધિપ્રાપ્તિના વિષયક મુદ્દાઓની વધુ સમજણ પામવા માટે નવી માહિતી (ડેટા) એકત્રિત કરવા અને તેનું વિશ્લેશણ કરવા બાબત સૂચન કરે છે.

**... કામકાજ સાથેના લોકોના કનેકશન સુધારવા, ખાસ કરીને વંચિત વિસ્તારોમાં ...**

વ્યકિતગત સલાહકારો દ્વારા માહિતી, તાલીમ અને અને સમર્થન આપીને લોકોને કામે લગાડવા માટે લેબર માર્કેટ પ્રોગ્રામોનું, જેમ કે ન્યૂ ડીલ પ્રોગ્રામનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. તેમ છતાંપણ લઘુમતી જાતિઓને ન્યૂ ડીલની કેટલીક સ્કીમોનો પૂરેપૂરો લાભ નથી મળી રહ્યો. તેના ઉકેલ માટે આ રીર્પોટમાં વ્યવહારિક ઉપાયો જણાવેલ છે, જેમ કેઃ

- મુખ્યધારાના એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામો લઘુમતી જાતિઓને વધુ અસરકારક રીતે 'પહોંચે' તેની ખાત્રી કરવાના ઉપાયો, દા.ત. જોબ સેન્ટર એકશન પ્લાનમાં સુધારો કરીને; અને
- લઘુમતી જાતિઓની જરૂરિયાતો પૂરી પાડવા માટે અનુરૂપતા અને વિવેકાધિકારનો વધુ સ્પષ્ટ ઉપયોગ કરનારા 'ટેલર્ડ પાથવેઝ' અને એમ્પ્લોયમેન્ટ ઝોન્ઝ જેવા નવપ્રયોગોની સફળતાઓને પાયે ન્યૂ ડીલ પ્રોગ્રામોની અનુરૂપતા વધારવાની દરખાસ્તો.

લઘુમતી જાતિઓ વંચિત વિસ્તારોમાં અપ્રમાણસર ઘનતાથી એકત્ર થયેલી હોય છે, કે જેની લાક્ષણિકતાઓ ઝાઝેભાગે કામશુન્યતાના પરિબળો સાથે સંબંધિત હોય છે – શિક્ષણપ્રાપ્તિના નીચા સ્તર, ભારે સંખ્યામાં સોશ્યલ હાઉસીગ અને વિકાસ માટે મથી રહેલાં ધંધાઓ. ધી નેઈબરહુડ રીન્યુઅલ સ્ટ્રેટેજી આવી ઘણી સમસ્યાઓના નિરાકરણ માટે કાર્ય કરી રહી છે. તેમ છતાંપણ, તેને નીચે પ્રમાણે સુદ્રઢ કરી શકાય તેમ છેઃ

- હાઉસીગ, તાલીમ અને એમ્પ્લોયમેન્ટના નવપ્રયોગો વચ્ચે એકબીજા સાથે સાંકળતી વધુ મજબૂત કડીઓ ગોઠવવી. દાખલા તરીકે, તાલીમ અને રોજગારીની તકોને બઢતી આપવા માટે જોબ સેન્ટર પ્લસની ઓફીસોને સોશ્યલ હાઉસીગ પ્રદાન કરનારાંઓની સાથે સંયુકિતમાં કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ; અને
- રેઝીડન્શલ અને લેબર માર્કેટની ગતિશીલતાને પ્રોત્સાહિત કરવા માટે હાઉસીગ એન્ડ એમ્પ્લોયમેન્ટ મોબિલિટી સર્વિસ (HEMS) ને છૂટથી ઉપયોગમાં મૂકવી.

લઘુમતી જાતિઓમાં પોતાના ધંધાઓ કરનારાંઓ (સેલ્ફ એમ્પ્લોય્ડ)ની સંખ્યા ઘણી મોટી છે, પરંતુ મોટેભાગે તે ધંધાઓ નાને પાયે હોય છે, અને બીજાઓની તુલનામાં તેઓની નિષ્ફળતાના દર વધુ ઊંચા હોય છે. આ રીર્પોટઃ

- સ્મોલ બીઝનેસ સર્વિસ અને બીઝનેસ લીકના સંચાલકોને લઘુમતી જાતિઓના ધંધાઓ વિષે વધુ માહિતી ભેગી કરવાનું સૂચવે છે જેથી લઘુમતી જાતિઓને પહોંચી શકે તેવી વધુ અસરકારક સ્ટ્રેટેજીઓ વિકસાવી શકાય; અને
- સ્મોલ બીઝનેસ સર્વિસ લઘુમતી જાતિઓના ઉદ્યોગસાહસિકોમાં પોતાની સેવાઓ વિષેની જાગૃતિ વધારે, દા.ત. લઘુમતી જાતિઓના ઉદ્યોગસાહસિકો વિષે રાષ્ટ્રીય સ્તરે ડેટાબેઝ વધુ ચોકકસ બનાવે અને લઘુમતી જાતિઓના વ્યાપારી મંડળો સાથે ભાગીદારીમાં કામ કરે તેવી ભલામણ કરે છે.

**...અને કામકાજના સ્થાનોમાં સમાન તકોને બઢતી આપવા માટે**

છેલ્લા ત્રણ દાયકાઓમાં આંતર જાતીય સંબધોમાં અને કામકાજના સ્થાનોમાં સમાન તકોની બાબતમાં નિશંકપણે સુધારાઓ થયા છે, તેમ છતાંપણ, જાતીય ભેદભાવ અને પજવણીની ઘટનાઓ હજી પણ બની રહી છે. કેટલાક એમ્પ્લોયર્ઝને પરોક્ષ ભેદભાવ વિશેની સભાનતા બહુ ઓછી છે. આ રીપોર્ટઃ

- વધારે પ્રમાણમાં એમ્પ્લોયરો કામકાજના સ્થાનોમાં સમાન તકો પ્રસ્તુત કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે સમાન તકો માટેની સારામાં સારી કાર્યપ્રણાલીને સમર્થન આપતી હાલમાં અસ્તિત્વ ધરાવતી સેવાઓ વિસ્તૃત કરવાની માંગ કરે છે;
- દરખાસ્ત કરે છે કે કામકાજના સ્થાનોમાં થતાં પધ્ધતિસરના ભેદભાવનો સામનો કરવાના સૌથી શ્રેષ્ઠ માર્ગ વિશે સરકાર ફરી વિચારણા કરે, સૌ પ્રથમ તો એમ્પ્લોયમેન્ટ ટ્રાઈબ્યુનલોને ભેદભાવના કારણો વિષે વધુ વિસ્તૃત ભલામણો કરવાની રજા આપવા બાબત વિચાર કરીને, કે જે વ્યકિતગત ફરિયાદો કરનારાંઓએ અનુભવેલી મુશ્કેલીઓ કરતાં ઘણાં વિશાળ હોય;
- ભલામણ કરે છે કે કોન્ટ્રાકટરોની કામે રાખવાની પ્રથાઓ બદલવા માટે પબ્લિક પ્રોકયોરમેન્ટનો એક સાધન તરીકે ઉપયોગ કરવા વિશે પબ્લિક ઓથોરીટીઝ માટે સરકારે માર્ગદર્શન વિકસાવવું જોઈએ; અને
- સમાજમાં સમાન તકો વિશેની સમજણ વધારવાની ઝુંબેશો વિકસાવવાની આવશ્યકતાને સમર્થન આપે છે.

**આ પોલીસી – પેકેજ અમલમાં મૂકવા માટે સરકારી તંત્રોમાં અને કાર્ય કરવાની ચાલુ પધ્ધતિઓમાં મહત્વના ફેરફાર કરવાની જરૂર પડશે**

આ રીપોર્ટમાં આપેલ સ્ટ્રેટેજી સિદ્ધ કરવા માટે સરકાર જે રીતે લઘુમતી જાતિઓની જરૂરિયાતો હાથ ધરે છે તેમાં પરિવર્તન લાવવાની જરૂર છે. અમુક કાર્યો વ્યકિતગત ડીપાર્ટમેન્ટોએ તાત્કાલિક આગળ ધપાવવાની જરૂર છે. બીજાં કાર્યો માટે ઘણાં વધુ પ્રમાણમાં આંતર–વિભાગીય સહકારની જરૂર છે.

લઘુમતી જતિઓના અને એકંદરના રોજગારી દરો વચ્ચેના તફાવતને નોંધપાત્ર રીતે ઘટાડવાના લક્ષ્યમાં DWP અને DTI બન્ને ભાગીદાર છે. હવે, વ્યાપક અર્થમાં આર્થિક નીતિ માટે જવાબદાર પહેલી હરોળના ડીપાર્ટમેન્ટો DfES, DTI અને DWP માટે સચોટ રીતે ધ્યાન કેન્દ્રિત કરવાની અગ્રતા છે. આ બાબતને આગળ ધપાવવા માટેઃ

- લઘુમતી જાતિઓને લેબર માર્કેટમાં વધારે સાફલ્ય પહોંચાડવામાં ડીપાર્ટમેન્ટોને વધુ સમન્વિત રીતે કાર્યો કરવામાં મદદ કરવા માટે મિનિસ્ટર ફોર વર્કની અધ્યક્ષતા હેઠળ એક ટાસ્ક ફોર્સની રચના થશે, જે સરકારની અંદરના અધિકારીઓ અને મહત્વના બાહ્ય ઠેકેદારોને ભેગા લાવશે;
- DWP માંથી એક મિનિસ્ટર્યલ ચેમ્પીયન સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર વર્ક એન્ડ પેન્શન્ઝને રીર્પોટ કરશે, કે જેઓ કેબીનેટ કમિટિ ઓન ઈકોનોમિક અફેર્ઝ, પ્રોડકિટવિટી એન્ડ કોમ્પેટિટિવનેસને જવાબદાર રહેશે; અને
- ટાસ્ક ફોર્સ તેની પ્રગતિ બાબત વાર્ષિક રીર્પોટ રજુ કરશે, અને ત્રણ વર્ષ પછી આ રીર્પોટના નિર્ધારો અમલમાં મુકવાની તેની અસરકારકતાનું સંપૂર્ણતઃ પુનરાવલોકન કરવામાં આવશે.